DATE :- 24-11-2025
DIVYA BHASKAR, PAGE-10, SURAT

બાયોટેક્નોલોજીકલ યુનિ. અને ક્લબ પર સ્ટેશન બનશે

# ગિફ્ટ સિટીના 3.5 કિમીમાં 1050 કરોડના ખર્ચે મેટ્રો રેલ દોડાવાશે

હિતેષ જયસ્વાલ | ગાંધીનગર

ગિફ્ટ સિટીના 3.5 કિમી વિસ્તારમાં રૂપિયા 1050 કરોડના ખર્ચે મેટ્રો રેલ દોડતી કરવામાં આવશે. તેના માટે ગીફ્ટસીટી વિસ્તારમાં શાહપુર, બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને ગિફ્ટ સિટી ક્લબ ખાતે મેટ્રો રેલના સ્ટેશન ઉભા કરાશે. જેનાથી ગીફ્ટસીટી વિસ્તારની આંતરરાષ્ટ્રીય ઓફિસના કર્મચારીઓ તેમજ ગિફ્ટ સિટી વિસ્તારના પાંચ ગામોના લોકોને મેટ્રો રેલના ટ્રાન્સપોર્ટેશન સેવા આગામી 4 વર્ષમાં પૂર્ણ કરાશે.

શાહપુર, લવારપુર, પિરોજપુર, વલાદ, રતનપુર ગામની વચ્ચે આવેલા ગિફ્ટ સિટીમાં હાલમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓની કચેરીઓ આવેલી છે. આગામી પાંચેક વર્ષમાં વધુ આંતરરાષ્ટ્રીય કંપનીઓ પોતાની ઓફિસ ખોલવા માટે લાઈનમાં ઉભી છે. હાલમાં ગિફ્ટ સિટી સુધી મેટ્રો રેલ પહોંચાડવામાં આવી છે. આગામી ચારેક વર્ષ પછી ગિફ્ટ સિટીની અંદર પણ મેટ્રો રેલ દોડતી કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.